**કવિશ્રી સુન્દરમ્ શતાબ્દીવર્ષ નિમિત્તે**

૨૫ પુસ્તકોનો એક સેટ કૉલેજો તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓને ઉપયોગમાં આવે તે હેતુથી મેળવવા પોતાની સંસ્થાનો અધિકારપત્ર લઈ નીચેના સ્થળે અને સમયે આવવું. સાહિત્યકાર મિત્રો પણ આ સેટ મેળવી શકે છે.

સ્થળ : ગુ.સા.પ. કાર્યાલય

સમય : ૧લો, ૩જો શનિવાર; ૧૨થી ૫

**પરિષદના આજીવન સભ્યોને વિનંતી**

આદરણીય મુરબ્બીઓ અને મિત્રો,

આપ ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્ય છો. સૌ પ્રથમ તો પરિષદ સાથે ભાવાત્મક રીતે સંકળાવા માટે આનંદ અને આભારની લાગણી પ્રગટ કરી લઉં.

પરિષદના આજીવન સભ્ય તરીકે આપને 'પરબ' નિયમિત રીતે મળતું હશે. કાગળ અને મુદ્રણની મોંઘાઈ, પુરસ્કારખર્ચ, ટપાલખર્ચ વગેરે મળીને 'પરબ'નો વાર્ષિક ખર્ચ રૂપિયા સાડા ત્રણ લાખ જેટલો થવા જાય છે. આ રીતે 'પરબ'નો ઘણો મોટો આર્થિક બોજો પરિષદ પર રહે છે. આ ઉપરાંત પરિષદની વિવિધ પ્રવૃત્તિઓ અંગે મળેલા દાનની રકમના વ્યાજના દર ઓછા થઈ જવાને કારણે એ પ્રવૃત્તિઓને આર્થિક રીતે પહોંચી વળવા માટે પણ ઘણી જ મથામણ કરવાની થાય છે.

પરિષદની આજીવન સભ્ય ફીના ઈ.સ. ૧૯૭૮માં વ્યક્તિ માટે રૂ. એકસો પચાસ હતા જે વધતાં વધતાં ઈ.સ. ૨૦૦૩ માર્ચથી રૂ. ૧૫૦૦/- થયા હતા. હવે તા. ૧-૪-૨૦૦૬થી પરિષદની આજીવન લવાજમ ફી વ્યક્તિ માટે રૂ. ૨૦૦૦/- કરવામાં આવી છે. આપ વ્યક્તિ તરીકે રૂ. ૧૫૦/-, ૨૦૦/-, ૩૦૦/-, ૫૦૦/-, ૧૦૦૦/- કે ૧૫૦૦/-માં સભ્ય થયા હશો. આ પત્ર દ્વારા હું આપને વિનંતી કરું છું કે આપ આજની આજીવન સભ્ય-ફી અને આપ સભ્ય થયો હો તે વખતની આજીવન સભ્ય-ફીના તફાવતની રકમ ધ્યાનમાં રાખીને આપને યોગ્ય લાગે તેટલી રકમ સ્વૈચ્છિક રીતે દાનરૂપે પરિષદને મોકલશો તો એનાથી પરિષદની પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે. પરિષદના આજીવન સભ્યોની સંખ્યા ત્રણ હજાર જેટલી છે. સૌનો સહકાર મળી રહેશે એવી મને પૂરી શ્રદ્ધા છે.

આપ સૌની કુશળતા ચાહું છું. લિ. સ્નેહાધીન

**રતિલાલ બોરીસાગર**

(વહીવટી મંત્રી)





# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

## ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન ગાંધીનગરની શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓના સહયોગથી ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉપક્રમે તા. ૨૨-૧૨-૨૦૦૭થી તા. ૨૪-૧૨-૨૦૦૭ સુધી ગાંધીનગર ખાતે યોજાશે.

## શ્રીમતી તારાબહેન મહેતા વ્યાખ્યાન

તા. ૨૯-૩-૨૦૦૭ : શ્રીમતી તારાબહેન મહેતા વ્યાખ્યાનશ્રેણીનું વ્યાખ્યાન શ્રીમતી પ્રીતિબહેન શાહે કાનનદેવીની આત્મકથા 'સર્વને મારા નમસ્કાર' એ વિશે આપ્યું. અધ્યક્ષસ્થાને પરિષદપ્રમુખશ્રી કુમારપાળ દેસાઈ હતા. 'મુક્તિ', 'વિદ્યાપતિ', 'જવાબ' જેવી ફિલ્મોમાં ઉત્તમ અભિનયથી પ્રસિદ્ધિ પામેલાં અભિનેત્રી, તેમજ પોતાના મધુર કંઠથી સૌને મુગ્ધ કરતાં ગાયિકા કાનનબાલા, કાનનદેવીના આદરણીય સ્થાને પહોંચ્યાં હતાં. 'સબારે આમિ નમિ' – સર્વને મારા નમસ્કાર – શીર્ષક ધરાવતી કાનનદેવીની આત્મકથા પર પ્રીતિબહેને કાનનદેવીના વ્યક્તિત્વને વિશ્લેષિત કરતું રસલક્ષી વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી બોરીસાગરે આભાર વ્યક્ત કર્યો હતો.

## શ્રી રમણીક સોમેશ્વરનું વ્યાખ્યાન

તા. ૩૦-૩-૨૦૦૭ના રોજ પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિરના ઉપક્રમે શ્રી રમણીક સોમેશ્વરે શ્રી એન. ગોપી લિખિત તેલુગુ દીર્ઘકાવ્ય 'જળગીત'ના પોતે કરેલા અનુવાદ વિશે વક્તવ્ય આપ્યું. અનુવાદ દરમ્યાન આવતા પ્રશ્નોને પોતે કેવી રીતે ઉકેલતા ગયા તેની વિશદ ચર્ચા કરી કાવ્યમાં આવતા કથ્યને સમજાવતા ગયા. અંતે કવિશ્રી લાભશંકરે કરેલી ચર્ચા અને પૂર્તિથી કાર્યક્રમ વધારે જીવંત બન્યો. નિયામકશ્રી રમેશ દવેએ આરંભમાં ભૂમિકા રૂપે પ્રાસંગિક વાત કરી હતી.

## 'મારું શાંતિનિકેતન' પર શ્રી અમૃતલાલ વેગડનું વક્તવ્ય

તા. ૭-૪-૨૦૦૭ : રવીન્દ્રભવનના ઉપક્રમે શ્રી અમૃતલાલ વેગડે પોતાના શાંતિનિકેતનના કલાભવનમાં અભ્યાસકાળ દરમ્યાનની સ્મૃતિઓ વિશે, પોતાને થયેલા અનુભવો વિશે અને ત્યાં મળેલી વ્યક્તિઓ વિશે વિગતે વાત કરી, ચિત્રકાર નંદલાલ બોઝના વ્યક્તિત્વને ઉપસાવ્યું હતું. શ્રી ભોળાભાઈએ આરંભમાં પરિચય આપ્યો હતો.

## મુંબઈમાં સાહિત્યગોષ્ઠિ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ભારતીય વિદ્યાભવનના ઉપક્રમે 'સાહિત્યગોષ્ઠિ' (સર્જક સાથે સંવાદ)ની બેઠક ભવન્સ કૅમ્પસ (અંધેરી, મુંબઈ)ને તળાવકાંઠે તા. ૧-૪-૨૦૦૭ના રોજ ગોઠવાઈ હતી, જેમાં સો જેટલા સર્જકભાવકોએ ઊલટથી ભાગ લીધો હતો. જવાહર બક્ષી,

હેમંત ધોરડા, દીપક દોશી, ઉદયન ઠક્કર, જયંતિ દલાલ, લલિત વર્મા ઉપસ્થિત હતા. મૂકેશ વૈદ્ય, ચિંતન નાયક, જ્યોતિ હીરાણી, ભૂમા વશી, સુરેશ ઝવેરી, લલિત શાહ, મીનાક્ષી દીક્ષિત, હિતેશ પંડ્યા, બકુલ રાવલ વગેરેએ રજૂઆત કરી હતી. ૬ મે, રવિવાર સાંજે પાંચ વાગ્યે આ જ સ્થળે યોજાયેલી બેઠકમાં હરીશ નાગ્રેચા પણ ઉપસ્થિત રહેશે. સૌ સર્જકોને કૃતિના પઠન માટે આમંત્રણ છે.

## પાક્ષિકી અને સર્જકો સાથે સંવાદ

'પાક્ષિકી'ના ઉપક્રમે તા. ૧૨-૪-૦૭ના રોજ રાજેન્દ્રભાઈ પટેલે તેમની વાર્તા 'ધુમ્મસમાં ડોલતાં વૃક્ષો'નું પઠન કર્યું હતું. ઉપસ્થિત વાર્તાકારો – સાહિત્યરસિકોએ વાર્તાનાં મર્મસ્થાનોની ચર્ચા કરી હતી. તા. ૧૭-૪-૦૭ના રોજ સર્જકો-નવોદિતો સાથેના સંવાદમાં કાવ્યરચનામાં છંદનો અભ્યાસ કેવી રીતે મહત્ત્વ ધરાવે છે તે વિશે સહચિંતન થયું; તેમજ વાર્તાલેખન માટેની ધ્યાનાર્હ બાબતો વિશે પણ વિચારણા કરવામાં આવી. રાજેન્દ્રભાઈ પટેલ અને પારુલબહેન દેસાઈની ઉપસ્થિતિમાં કાર્યક્રમો યોજાયા હતા.

## હાસ્યોત્સવ

ગુજરાતી સાહિત્ય પરિષદ અને પ્રગતિ મિત્રમંડળ(બોરિવલી-કાંદીવલી)ના સંયુક્ત ઉપક્રમે હાસ્યરસનો અનોખો ઉત્સવ તાજેતરમાં ઊજવાયો હતો. પ્રગતિ મિત્રમંડળના પ્રમુખ અરુણ મહેતાના સ્વાગતપ્રવચન પછી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ડૉ. કુમારપાળ દેસાઈ, પરિષદનાં ભૂતપૂર્વ પ્રમુખ ધીરુબહેન પટેલ અને કોષાધ્યક્ષ રાજેન્દ્ર પટેલે પ્રાસંગિક વક્તવ્ય આપ્યાં હતાં. નવલકથાકાર વર્ષા અડાલજાએ રમૂજભર્યા સંચાલનમાં લાંબા સમય માટે હાસ્યલેખકોને સ્ટેજ સોંપી દીધું હતું.

પ્રસિદ્ધ હાસ્યલેખક રતિલાલ બોરીસાગરના સંચાલન હેઠળ કૃષ્ણ દવે અને હાસ્યકાર અને કાર્ટૂનિસ્ટ નિર્મિશ ઠાકરે મર્માળી હાસ્યકવિતાઓ રજૂ કરીને શ્રોતાઓની દાદ મેળવી હતી. કાર્યક્રમના બીજા દોરમાં ઉદયન ઠક્કરના સંચાલનમાં ડૉ. તુષાર શાહ અને પન્ના અધ્વર્યુની વ્યંગરચનાઓ રજૂ કરી હતી અને શ્રોતાઓને પ્રસન્ન કરી દીધા હતા. શ્રોતાઓની ભરચક હાજરીમાં આ હાસ્યોત્સવ ઊજવાયો હતો.

## ઍનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ

ઍનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિના ઉપક્રમે આ વર્ષે વાર્તા-લેખનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વાર્તા-લેખિકાઓને આ સ્પર્ધામાં ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે. વાર્તા આશરે ૩૫૦૦ શબ્દોની આસપાસની હોય તે ઇષ્ટ છે. મૌલિક, અપ્રકટ વાર્તા તા. ૧૬ ઑગસ્ટ, ૨૦૦૭ સુધીમાં પરિષદની ઑફિસમાં મોકલી આપવી. કવર ઉપર 'ઍનીબહેન સરૈયા વાર્તા-સ્પર્ધા' એવો નિર્દેશ કરવો.

## 'પરબ' અપીલ : દાન આવક

| ક્રમ નામ | ગામ | રકમ |
|---|---|---|
| ૧. વિનુભાઈ જી. પટેલ | નડિયાદ | ૧,૮૫૦ |
| ૨. કિરણ જે. મહેતા | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૩. હરીશ ખત્રી | અમદાવાદ | ૧,૮૦૦ |
| ૪. સૌરભ શાહ | અમદાવાદ | ૨,૫૦૦ |
| ૫. ગુણવંત ઠક્કર | સુરત | ૧,૫૦૦ |
| ૬. શાંતાબહેન શંભુપ્રસાદ ચે. ટ્રસ્ટ | ચાણસ્મા | ૫૦૦ |
| ૭. છેલભાઈ વ્યાસ | અમરેલી | ૧,૫૦૦ |
| ૮. લવકુમાર દેસાઈ | વડોદરા | ૫૦૦ |
| ૯. કૌશિક ગોર | જામનગર | ૫૦૦ |
| ૧૦. પ્રફુલ્લ કે. શાહ | મુંબઈ | ૧,૦૦૦ |
| ૧૧. રમેશ ત્રિવેદી | કડી | ૫૦૦ |
| ૧૨. રામજીભાઈ કડિયા | કડી | ૫૦૦ |
| ૧૩. સુધા ચિંતન ભટ્ટ | અમદાવાદ | ૫૦૦ |
| ૧૪. ડૉ. વિપીન એમ. દેસાઈ | વડોદરા | ૨,૫૦૦ |

## ગોવર્ધન ભવન નવનિર્માણ માટે મળેલ દાન

| | | |
|---|---|---|
| ૧. તપન અમીન | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૨. ડી. વી. દેસાઈ ઍન્ડ કં. | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૩. ડેવલોપમેન્ટ ૨૦૨૦ | અમદાવાદ | ૧૨,૩૮૦ |

| | | |
|---|---|---|
| જયંતી એમ. દલાલ ષષ્ટિપૂર્તિ ફાઉન્ડેશન (સ્થાયી ફંડ) (મુંબઈ) | | ૫૧,૦૦૦ |
| સ્વામી સચ્ચિદાનંદ સેવાસમાજ ટ્રસ્ટ પારિતોષિક પૂરક દાન | દંતાલી | ૧,૦૦,૦૦૦ |
| આચાર્ય કાકાસાહેબ કાલેલકર ગ્રંથાવલી પ્રકાશન સમિતિ | અમદાવાદ | ૨,૦૦,૦૦૦ |

## સાહિત્ય પરિષદમાં 'ગ્રંથાગાર'

ગુજરાતી સાહિત્ય પરિષદભવનમાં વર્ષોથી ચાલતું પુસ્તક-વેચાણકેન્દ્ર હવે ૨૦૦૬ના વર્ષથી આ ક્ષેત્રમાં જાણીતા પુસ્તકવિક્રેતા 'ગ્રંથાગાર'ને સોંપવામાં આવ્યું છે. 'ગ્રંથાગાર'માં ગુજરાતી સાહિત્ય પરિષદનાં બધાં જ પ્રકાશનો ઉપરાંત બીજા પ્રકાશકોનાં ગુજરાતી-અંગ્રેજી પુસ્તકો ઉપલબ્ધ છે. સાહિત્યરસિકોને 'ગ્રંથાગાર'ની મુલાકાત લેવા વિનંતી.

સવિનય જણાવવાનું કે ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય જાહેર રજાઓ સિવાય બધા જ દિવસોમાં ખુલ્લું રહેશે.